**સીવીલ પરચુરણ અરજી નં. ૩૪૫/૨૦૨૨ના કામે આંક—૧ તળે હુકમ**

૧. અરજી વંચાણે લીધી.અરજી સાથે રજુ કરવામાં આવેલા દસ્તાવેજો વંચાણે લીધા તથા આ કામના અરજદારના વિ.વ.શ્રીની રજુઆતો સાંભળી. સદર કામે આંક—૩ થી રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવા લીસ્ટની નિ.૩/૧ ને ધ્યાને લેવામાં આવે તો એલ.એ.આર.કેસ નં.૪૬૩/૨૦૧૭ના કામે આંક—૧૧ થી અરજદારો (૧) કમલેશભાઈ કાંતિભાઈ પરમાર તથા (૨) રાવજીભાઈ કાળીદાસ પરમારની તરફેણમાં હુકમનામુ કરવામાં આવેલ છે અને તે મુજબ તે અરજદારને વળતર મેળવવા માટે હકદાર ઠેરવેલા છે.

૨. આ કામે સદર અરજીના આંક—૧ તળે કરવામાં આવેલા હુકમ અનુસાર નાઝરશ્રી, પ્રિન્સિપાલ સીનીયર સીવીલ કોર્ટ, બોરસદનાઓને વળતરની જમા કરવામાં આવેલી રકમ બાબતે રીપોર્ટ કરવાનું જણાવવામાં આવતા તેમના દવારા કરવામાં આવેલા શેરા મુજબ *"સદરહુ સી.એમ.એ.૩૪૫/૨૦૨૨ (પેમેન્ટ પુરસીસ) ના કામે અત્રેની કચેરીના સીવીલ 'સી' રજીસ્ટરમાં જોઈ તપાસી ચકાસણી કરતા સીવીલ 'સી' રજીસ્ટરના ક્રમાંકઃ ૩૬/૨૦૨૧ (૦૫) થી તારીખઃ ૨૩/૦૩/૨૦૨૨ના રોજ ઉપરોક્ત બન્ને અરજદારોના નામે એલ.એ.આર.નં.૪૬૩/૨૦૧૭ (મુખ્ય કેસ એલ.એ.આર.કેસ નં. ૬૪૧/૨૦૧૭) ના કામે રૂપિયા ૯૯,૫૩,૫૬૭—૦૦ (અંકે રૂપિયા નવ્વાણુ લાખ ત્રેપન હજાર પાંચસો સડસઠ પુરા ) જમા થયેલ છે.' અને તેમાથી પચાસ ટકાર રકમ એટલે કે ૪૯,૭૬,૭૮૪ (અંકે રૂપિયા ઓગણપચાસ લાખ છોંતેર હજાર સાતસો ચોર્યાસી પુરા રજીસ્ટર 'ડી'ના અનુ. ૨૨૫, તારીખઃ ૧૬/૧૧ /૨૦૨૨થી ફીકસ ડીપોઝીટ કરાવેલ છે'* તેવો શેરો કરવામાં આવેલ છે.

૩. નિ.૩/૧ થી રજુ કરવામાં આવેલા હુકમનામાને ધ્યાને લેવામાં આવે તો અરજદારો (૧) કમલેશભાઈ કાંતિભાઈ પરમાર તથા (૨) રાવજીભાઈ કાળીદાસ પરમારની તરફેણમાં હુકમનામુ કરવામાં આવેલ છે પરંતુ આ કામે રજુ કરવામાં આવેલ નિ. ૩/૩ થી રજુ કરવામાં આવેલા મરણના દાખલાને ધ્યાને લેવામાં આવે તો મૂળ અરજદાર નંબર (૨) રાવજીભાઈ કાળીદાસભાઈ પરમારનાઓ તારીખઃ ૧૧/૦૩/૨૦૨૨ના રોજ મરણ મરણ ગયેલ છે પરંતુ તેમના મરણના દાખલમાં "રાવજીભાઈ કાળાભાઈ પરમાર" તરીકે નામ દર્શાવેલ છે. મરણ ગયેલા અરજદાર નંબર (૨)ના વારસદાર ૨/૧ મંગુબેન તે રાવજીભાઈ પરમારની પત્નિએ રજુ કરેલા સોગંદનામાને ધ્યાને લેતા રાવજીભાઈ

કાળીદાસભાઈ પરમાર અને મરણના દાખલમાં દર્શાવેલ "રાવજીભાઈ કાળાભાઈ પરમાર" બન્ને એક જ વ્યકિત છે.

(૩) મૂળ વળતર અરજીનું હુકમનામુ ધ્યાને લેવામાં આવે તો બે અરજદારો વચ્ચે જમા થયેલી વળતરની કુલ રકમના પચાસ ટકા રકમની સરખે હિસ્સે વહેંચણી કરવી જોઈએ. પરંતુ અરજદાર નં(૨) મરણ જતા અરજદાર નં.(૨)ના હિસ્સે આવતી કુલ રકમની તેમના વારસદારો વચ્ચે સરખે હિસ્સે વહેંચણી કરવી જોઈએ. આમ, રેકર્ડ પર ઉપલબ્ધ વળતરની જમા રકમ ઉપાડવાની અરજી તથા તેના સમર્થનમાં આંક–૩ થી રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

હાલની અરજી મંજુર કરવામાં આવે છે. એલ.એ.આર.૪૬૩/૨૦૧૭ (મુખ્ય એલ.એ.આર.કેસ નં. ૬૪૧/૨૦૧૭) ના કામે સીવીલ 'સી' રજીસ્ટરના ક્રમાંકઃ ૩૬/૨૦૨૧ (૦૫) થી તારીખઃ ૨૩/૦૩/૨૦૨૧ના રોજ અરજદારોના નામે જમા કરવામાં આવેલી રકમ રૂપિયા ૪૯,૭૬,૭૮૩–૦૦ મૂળ અરજીના અરજદાર નં.૧ તથા અરજદાર નં. ૨ ના વારસદારોને નીચે જણાવ્યા મુજબ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**કમલેશભાઈ કાંતિભાઈ પરમારનાઓને** રૂપિયા ૨૪,૮૮,૩૯૨–૦૦ (અંકે રૂપિયા ચોવીસ લાખ અઠયાશી હજાર ત્રણસો બાણુ પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે, **મંગુબેન તે રાવજીભાઈ કાળાભાઈ પરમાર**ની પત્નિને ૪,૧૪,૭૩૨–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો બત્રીસ પુરા), **કમળાબેન તે રાવજીભાઈ કાળાભાઈ પરમાર**ની દિકરીને ૪,૧૪,૭૩૨–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો બત્રીસ પુરા), **શારદાબેન તે રાવજીભાઈ કાળાભાઈ પરમાર**ની દિકરીને ૪,૧૪,૭૩૨–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો બત્રીસ પુરા), **કાશીબેન તે રાવજીભાઈ કાળાભાઈ પરમાર**ની દિકરીને ૪,૧૪,૭૩૨–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો બત્રીસ પુરા), રમણભાઈ રાવજીભાઈ પરમારનાઓને ૪,૧૪,૭૩૨–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો બત્રીસ પુરા) તથા **ચંપાબેન તે રાવજીભાઈ કાળાભાઈ પરમાર**ની દિકરીને ૪,૧૪,૭૩૧–૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર સાતસો એત્રીસ પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદારોને ચુકવણુ કરતી વખતે તેમની ઓળખ અંગેના જરુરી પુરાવાઓ ધ્યાને લઈ ચુકવણુ કરવાનું રહેશે.

27/01/2023

તારીખઃ૨૭./૧/૨૦૨૩

**(જી.એમ.આહિર)**
પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ,
બોરસદ.